**P0859**

RAN-2401000106020537

# RAN-2401000106020537

**T. Y. B. A. (Sem.-VI) Examination October - 2025**

**Sanskrit: Paper-XXII**

**न्यायदर्शन एवं अनुवाद**

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

Seat No.:

Student's Signature

**પ્ર.1. ટૂંકમાં જવાબ લખો (કોઈ પણ પાંચ).** **10**

1. ન્યાયસૂત્ર મુખ્યત્વે કેટલા પદાર્થોની ચર્ચા કરે છે? કોઈ પણ બે પદાર્થોનાં નામ આપો?
2. કારણના કેટલા પ્રકાર છે? ક્યા? ક્યા?
3. સંબંધ કેટલા પ્રકારનો હોય છે? નામ જણાવો.
4. અનુમાનના પ્રકારો જણાવો
5. અસમવાયિકારણનું લક્ષણ આપો.
6. લિંગપરામર્શ એટલે શું?
7. **'जल्प'** એટલે શું?

**પ્ર.2. સાનુવાદ વિવરણ કરો (કોઈ પણ બે).** **13**

1. **यदाह भाष्यकार: 'त्रिविधा चास्य शास्त्रस्य प्रवृत्तिरुद्देषो लक्षणं परीक्षा चेति।'**
2. **यस्य कार्यात् पूर्वभावो नियतोऽनन्यथासिद्धश्च तत्कारणम् ।**
3. **तथाहि अनुमानस्य द्वे अड्गे व्याप्ति: पक्षधर्मता ।**
4. **आप्तवाक्यं शब्द: ।**

**પ્ર.3.** હેત્વાભાસ એટલે શું?તેના પ્રકારોની વિગતે ચર્ચા કરો. **13**

**અથવા**

**પ્ર.3. ટૂંકનોધ લખો.** **13**

1. **तर्क–वाद–जल्प–वितण्डा**
2. ઉપમાન પ્રમાણ

**પ્ર.4. સંસ્કૃતમાં અનુવાદ કરો. (કોઈ પણ બે).** **14**

1. પોપટ ગામ, નગર અને વનમાં રહે છે. તેનો વર્ણ લીલો હોય છે. તેનું મુખ ચાંચ હોય છે. તેની ચાંચનો રંગ લાલ હોય છે. પોપટની ડોક કાળી હોય છે. પોપટને ફળો અને અનાજના બી ગમે છે. મનુષ્યો પોપટને પાંજરામાં પાળે છે. પાંજરામાં રહેલા પોપટો મનુષ્યોના સારા અને ખરાબ વચનો બોલે છે. સજ્જનોના અને પંડિતોના ઘરોમાં પોપટો સારાં વચનો બોલે છે. તેનાથી છોકરાઓ સુંદર ચરિત્રવાળા બને છે.

2. કાગડો ચતુર પક્ષી છે. એક દિવસ એક કાગડો વનમાં આમ તેમ ભમતો હતો. ત્યારે તે તરસ્યો થયો. તેથી તે પાણી માટે આમ તેમ ભમવા લાગ્યો. પરંતુ કોઈ જગ્યાએથી પાણી મળ્યું નહિ. થોડા સમય પછી ખેડૂતના વાડામાં તે એક ઘડો જુએ છે. પછી તે ઘડાની પાસે જાય છે. થોડા સમય સુધી તે ત્યાં અહીં તહીં ફરે છે. ત્યાર પછી તે ઘડાના મુખ ઉપર બેસે છે. પછી તે ઘડામાં થોડું પાણી જુએ છે. તે પાણી પીવા માટે ચાંચથી પ્રયત્ન કરે છે.
3. એકવાર તરસ્યો શિયાળ પાણી પીવા કૂવામાં પડી જાય છે. તે અહીં તહીં કૂદે છે. પરંતુ તે કૂવામાંથી બહાર નીકળી શકતો નથી. તે વારવાંર સહાય માટે રડે છે. એટલામાં કોઈ બકરો કૂવાની પાસે આવે છે. તે કૂવાના નીચેના ભાગમાં શિયાળને જુએ છે. બકરો પુછે છેઃ અરે ! કૂવામાં મીઠું પાણી છે? શિયાળ જવાબ આપે છેઃ તે જળ ફક્ત મધુર નથી પરંતુ તે અમૃત જેવું છે. હું વારંવાર પીઉં છું. પરંતુ મારી પીવાની ઈચ્છા તૃપ્ત થતી નથી.
4. કબૂતર ગામમાં અથવા નગરમાં રહે છે. કબૂતરનો વર્ણ સફેદ અને ધૂળિયો હોય છે. કબૂતર ફળો અને ધાન્યના કણો ખાય છે. મનુષ્યો પુણ્ય માટે અન્નના દાણાઓ કબૂતરને આપે છે. કબૂતરનું દર્શન મંગલકારક મનાય છે. તેના દર્શનથી કાર્યની સિદ્ધી થાય છે. તે શાંતિનું પ્રતીક છે. પંડિત જવાહરલાલને કબૂતર ખૂબજ પ્રિય હતું. તે શાંતિને માટે આકાશમાં કબૂતરને ઊડાડતા હતા.